દર મહિનાની ૧૫મી તારીખે પ્રસિદ્ધ થતું માસિક
શ્રી ભટ્ટ મેવાડા બ્રહ્મ સમાજ, ગાંધીનગર દ્વારા પ્રકાશિત

# ભટ્ટમેવાડા વર્તમાન

વેબસાઈટ : www.Bhattmewada.org

તંત્રી : બિપીનચંદ્ર જોષી

Gandhinagar

RNI NO. GUJGUJ/2008/28227
Post;L-2/RNP/G-GNR-266/09-11
Sector-07 Post, Gandhinagar
Valid Up to : 31 Dec. 2011
Rs. 5-00, Annual : Rs. 50-00

● વર્ષ : ૩ ● અંક : ૩ ● તા. ૧૫-૧૨-૨૦૧૧ ● પાના : ૮ ● છૂટક કિંમત - રૂા. ૫/- ● વાર્ષિક લવાજમ - રૂા. ૫૦/-

## ભટ્ટ મેવાડા નારીએ કર્યો ચોરનો પ્રતિકાર - નારીનું વધાર્યું ગૌરવ




ગાંધીનગર ખાતે શ્રી નવનીતરાય એન. ભટ્ટના પુત્ર ચિ. કેતન (સોનુ)ના પત્ની નીતાબહેન ઘરમાં એકલા હતા ત્યારે એક યુવકે ઘરમાં ઘૂસીને તેમના ગળા ઉપર છરો મૂકી હુમલો કરીને લૂંટનો પ્રયાસ કર્યો હતો. જો કે આ બહાદુર એવી ભટ્ટ મેવાડા મહિલાએ પ્રતિકાર કરીને છરો બંને હાથે પકડી બૂમાબૂમ કરતાં આજુબાજુના લોકો આવી જતાં યુવાનને પકડીને પોલીસના હવાલે કરવામાં આવ્યો હતો. નીતાબેને તેમના બંને હાથે છરાથી ઈજા થઈ હોવા છતાં મક્કમતા દર્શાવી હતી.

શ્રી કેતનભાઈ ભટ્ટ (સોનુ)ના ઘરમાં લૂંટના ઈરાદે આવેલ યુવાનનો બહાદુરીપૂર્વક સામનો કરીને તેને ઝડપી લેનાર શ્રીમતી નીતાબેન ભટ્ટનું શ્રી ભટ્ટ મેવાડા બ્રહ્મ સમાજ દ્વારા રૂા. ૧૦૦૧/- પ્રતિક ઈનામ શ્રી વ્યોમેશભાઈ દિક્ષીત અને શ્રી પ્રકાશભાઈ ભટ્ટના હસ્તે આપીને સન્માન કરવામાં આવ્યું હતું.

શ્રીમતી નીતાબહેને ચોરનો બહાદુરીપૂર્વક અને દ્રઢતાપૂર્વક સામનો કરીને સમગ્ર ભટ્ટ મેવાડા નારીઓને ગૌરવ અપાવ્યું છે. સાથોસાથ સમાજની મહિલાઓને અને સમગ્ર નારી જાતિને એક ઉદાહરણ પૂરું પાડેલ છે.

શ્રીમતી નીતાબહેનને તેમની બહાદુરીના કામ માટે અભિનંદન અને તેમનામાંથી સૌ જ્ઞાતિજનોએ પ્રેરણા લેવી.

આ પ્રસંગે સમાજના પ્રમુખ શ્રી રમેશભાઈ જોશી, શ્રી અશોકભાઈ મહેતા, શ્રી અમૃતભાઈ ઉપાધ્યાય, શ્રી નિરવભાઈ પંડ્યા, શ્રી રાકેશભાઈ ભટ્ટ, શ્રી યોગેશભાઈ ભટ્ટ, શ્રી ધર્મેન્દ્રભાઈ જોશી તથા મહિલા અગ્રણીઓ શ્રીમતી હેમીનાબેન ભટ્ટ, શ્રીમતી કૃષ્ણાબેન દિક્ષીત, શ્રી સુમનબેન જોશી, શ્રીમતી વંદનાબેન ભટ્ટ, શ્રીમતી દ્વારકીબેન ઉપાધ્યાય, શ્રીમતી દીપાબેન ભટ્ટ વગેરે સૌ ઉપસ્થિત રહ્યા હતા અને તેમને હિંમત બતાવવા બદલ શાબાશી આપી હતી.

## ભટ્ટ મેવાડા વર્તમાનના સ્વજનો, સભ્યો નીચેની બાબતો પર ખાસ ધ્યાન આપે

- મનીઓર્ડરથી લવાજમ મોકલનાર સ્વજનોને વિનંતી કે મનીઓર્ડરની સ્લીપમાં પોતાનું પૂરૂં નામ, સરનામું, પીનકોડ લખે.
- લવાજમની રકમ બહારગામના ચેકથી ન મોકલતાં 'ભટ્ટ મેવાડા વર્તમાન'ના ગાંધીનગરના ચેક અથવા ડીમાન્ડ ડ્રાફ્ટથી મોકલશો.
- હાલના પ્રત્યેક સભ્યને વિનંતી કે તે કમકે કમ ત્રણ નવા સભ્યો બનાવી આપે.
- ભટ્ટમેવાડા વર્તમાનના લવાજમ, જાહેરાત, અંક ન મળતા હોય તો તે માટે શ્રી રમેશભાઈ જોશી, ફોન-૦૭૯-૨૩૨૩૦૬૩૨નો સંપર્ક કરવો.

જેઓએ લવાજમ ભરેલ નથી તેવા જ્ઞાતિજનોને લવાજમ ભરવા વિનંતી.

**હાય હેલ્લો છોડો... જય એકલિંગજી બોલો...**

## તંત્રી સ્થાનેથી....

પ્રિય જ્ઞાતિજનો,

જય એકલિંગજી

દયાળુ સ્વભાવ

અમેરિકાના પ્રમુખ ક્લીવલેન્ડ કશાક કામવશાત્ એક ટ્રેનમાં બેસીને કોઇ શહેરમાં જઇ રહ્યા હતા.

એ જ ટ્રેનમાં અમેરિકાના પ્રખ્યાત સાહિત્યકાર રિચર્ડ ગિલ્ડર પણ પ્રવાસ કરી રહ્યા હતા. ટ્રેનમાં ખુબ ગિરદી હતી.

આવી ભારે ગિરદી જોઇને ગિલ્ડર તો અકળાઇ જ ઊઠ્યા.

આ ગિરદીથી બચવાનો કોઇ ઇલાજ તેઓ મનમાં વિચારવા લાગ્યા.

અને તેમને ઇલાજ જડી આવ્યો કે આ જ ટ્રેનમાં પ્રેસિડેન્ટ ક્લીવલેન્ડ પણ પ્રવાસ કરી રહ્યાં છે, તો એમના ડબામાં જઇને હું શા માટે ન બેસું ?

ક્લીવલેન્ડને ગિલ્ડર પ્રત્યે ઘણું માન હતું. આથી ગિલ્ડરને ક્લીવલેન્ડ પાસે જઇને બેસવામાં કશા સંકોચનો સવાલ નહોતો ! પોતાના ડબામાંથી નીચે ઉતરીને ગિલ્ડરે ડબે ડબે પ્રમુખની શોધ કરવા માંડી, પણ પ્રમુખનો પત્તો ક્યાંય લાગ્યો નહિ.

આમ, પોતાના પ્રયાસો નાકામિયાબ બનતાં, છેવટે તેઓ ગાર્ડ પાસે ગયા અને પૂછ્યું : ''પ્રમુખ કયા ડબામાં બેઠાં છે ?''

ગાર્ડે સામાન મુકવાના ડબા તરફ આંગળી ચીંધી કહ્યું : ''પેલો ડબો જુઓ !''

એ ડબો સામાન મુકવા માટેનો ડબો હતો. ત્યાં જઇને ગિલ્ડરે જોયું તો પ્રમુખ સામાનની એક પેટી પર બેઠા હતા !

પછી પ્રમુખ પાસેથી ગિલ્ડરને સાચી વાત જાણવા મળી. એ બાઇની પાસે એક નાનું બાળક હતું. એ બાઇ અને બાળકને સીટની વધુ જરૂર છે એમ સમજી લઇને પ્રમુખ ક્લીવલેન્ડે એ બાઇને પોતાની સીટ પર બેસાડી અને પોતે સામાનની પેટી પર બેઠા.

જે રીતે પ્રમુખ ક્લીવલેન્ડે બીજાને સગવડ કરી અને પોતા અગવડ વેઠી તે રીતે આપણે પણ જ્ઞાતિજનની માટે સગવડ કરી અગવડ વેઠવાની વૃત્તિ કેળવીએ, તેનો અમલ કરીએ તો સમયના ઉજ્જવળ ભવિષ્ય માટે કોઈ અડચણ નથી આવવાની.

- તંત્રી

## કુર્યાત સદા મંગલમ

- ♦ રાયગઢના વતની અને હિંમતનગર નિવાસી શ્રી નલીનકુમાર અમૃતલાલ ભટ્ટના સુપુત્ર ચિ. કૌશલના શુભલગ્ન કુકરવાડાના વતની શ્રી અશોકભાઈ જોશીની સુપુત્રી ચિ. કૃપા સાથે સંપન્ન થયેલ છે.
- ♦ વડનગરના વતની અને ગાંધીનગર નિવાસી શ્રી પ્રકાશકુમાર ઈન્દુલાલ જોશીના સુપુત્રી ચિ. ઉર્મિના લગ્ન શ્રીમતી માયાબેન તથા શ્રી હિનલભાઈ શાહના સુપુત્ર ચિ. મૌલિકકુમાર સાથે સંપન્ન થયેલ છે.
- ♦ ચિ. દ્રુમી તે પારૂલ અને સંજયકુમાર મહાદેવપ્રસાદ જોશી ઈડરની સુપુત્રીના શુભ લગ્ન ચિ. અભિજીત તે અંજનાબેન અને વિનોદચંદ્ર કોદરલાલ જોશીના સુપુત્ર સાથે સંપન્ન થયેલ છે.
- ♦ ચિ. પાર્થ તે નીલા અને અમીધર હર્ષદરાય ભટ્ટ વડોદરાના સુપુત્રના શુભ લગ્ન ચિ. વિનીતા તે અંજલીબેન અને દિવ્યાંગભાઈ જયંતકુમાર પંડ્યા રાગઢની સુપુત્રી સાથે સંપન્ન થયેલ છે.
- ♦ ચિ. ધારા તે ત્રિવેણીબેન અને બિપીનભાઈ જોશી કુકરવાડાના સુપુત્રીના શુભલગ્ન ચિ. યગ્નાંગકુમાર તે કલ્પનાબેન અને કૌશિકકુમાર નિલકંઠપ્રસાદ વ્યાસ નડિયાદના સુપુત્ર સાથે સંપન્ન થયેલ છે.

ઈષ્ટદેવતા શ્રી એકલિંગજી દાદા નવદંપતીઓના લગ્ન જીવનને સફળ બનાવે તેવી ''ભટ્ટ મેવાડા વર્તમાન'' પરિવારની પ્રભુ પ્રાર્થના.


Kirit Upadhyay
M. 98256 55405

Jaimin Upadhyay
M. 96628 30607



fruits/platters/juices

2, Yogi Complex, Opp. Axix Bank,
Nr. Drive-in-Cinema, Ahmedabad-54.
Ph. : 079-30221144

# ગાંધીનગર સમાજને દાન

અમદાવાદ લ્હાણા વ્યવહાર ભટ્ટ મેવાડા સમાજના અગ્રણી મુ.શ્રી જશવંતલાલ  નાનાલાલ ભટ્ટ ૧૦૦માં વર્ષમાં પ્રવેશ્યા છે તે નિમિત્તે તેઓ દ્વારા ગાંધીનગર સમાજને શૈક્ષણિક હેતુ માટે રૂા. ૧૧,૦૦૦/-નું દાન આપવામાં આવેલ છે. તેનો સહર્ષ સ્વીકાર કરવામાં આવે છે.

મુ.શ્રી જશવંતલાલનું જીવન સુખમય અને તંદુરસ્ત રહે તેવી પૂજ્ય એકલીંગજી દાદાને પ્રાર્થના.

## દુઃખદ અવસાન

- ♦ અમદાવાદ નિવાસી શ્રી નિખિલ, શ્રી ભદ્રેશ તેમજ શ્રી વિજય ભટ્ટના પિતાશ્રી નરહરિપ્રસાદ મુંગટરામ ભટ્ટનું દુઃખદ અવસાન થયેલ છે.
- ♦ અમદાવાદ નિવાસી રમીલાબેન રજનીકાંત દવેનું અમદાવાદ મુકામે અવસાન થયેલ છે.

ઈષ્ટદેવતા શ્રી એકલિંગજી દાદા મૃતાત્માઓને ચિરઃ શાંતિ અર્પે અને મૃતકોના પરિવાર ઉપર આવી પડેલ સંકટ સહન કરવાની શક્તિ આપે એવી "ભટ્ટ મેવાડા વર્તમાન" પરિવારની પ્રભુ પ્રાર્થના.

LIC
भारतीय जीवन बीमा निगम
LIFE INSURANCE CORPORATION OF INDIA

Paresh C. Joshi

INVESTMENT CONSULTANT

General Insurance
Life Insurance Corporation of India

Plot No. 572/1, Sector-6 B,
Gandhinagar-382 006.

Mobile : 96381 48699
Phone : 079 - 23236704

# પ્રસૂતા કષ્ટ નિવારણ તંત્ર

- જય એકલિંગજીની કૃપાથી મને પ્રસૂતા કષ્ટ નિવારણ માટે ભટ્ટ મેવાડા સમાજ તથા સમગ્ર આપ્તજનોને આ લેખ પ્રસ્તુત કરવાનુ મન થાય છે જે સહજ રીતે મેં મારા ભક્તોને સૂચન કરેલ અને તેઓને તેમાં સારી સફળતા પ્રાપ્ત થયેલ.
- અરડૂસીના મૂળ, કાચા સૂતરના સાત તાર લપેટીને સ્ત્રીની કમર પર બાંધવું તેથી કષ્ટ પીડા દૂર થઈ સુખપૂર્વક પ્રસવ થાય છે. અથવા ચુંબક પત્થર સ્ત્રીના હાથમાં મૂકવો. તેમજ લાલ કપડામાં મીઠું, મીઠાના બે ત્રણ ગાંગડા બાંધી સ્ત્રીને ડાબી બાજુએકમરે તે કપડુ બાંધવું. પ્રસવ બાદ લીધેલ વસ્તુ તરત દૂર કરી નાંખવી અન્યથા તે નુકશાનકારક બને છે.
- નગોડાનું મૂળ કમર પર બાંધવું. પ્રસવ બાદ છોડી નાંખવું.
- ઉપકટારાનું મૂળ ત્રણ આંગળ જેટલું લાંબ લેવું અને સ્ત્રીના માથામાં વાળ વચ્ચે રાખવુ પ્રસવ બાદ મૂળ તરત હટાવી લેવું.  તેમાં ભૂલ કરવાથી ગર્ભાશયને નુકસાન થાય તે બહાર આવી જાય માટે સાવધાન રહેવું.
- લીમડાનું મૂળ કમર ઉપર બાંધવું.
- કેળનું મૂળ સ્ત્રીના ડાબા હાથ ઉપર બાંધવું.
- વાંસનું મૂળ સ્ત્રીની કમર ઉપર બાંધવું.
- સરપંખાના મૂળને પણ સ્ત્રીની કમર ઉપર બાંધવું.
- ચણોઠીના મૂળના સાત ટૂકડા અને સાત પાન (ચણોઠીના પાન) તેમજ ધતુરાના મૂળને એક કપડામાં રાખી તે વસ્ત્ર સ્ત્રીની કમર ઉપર બાંધવું.
- વનસ્પતિના મૂળ રવિ પુષ્પ નક્ષત્રમાં લાવ રાખવા. પાણીથી સાફ કરી સ્વચ્છ પાત્રમાં મૂકી રાખવા જરૂર પડે ઉપયોગ કરવો.
- દરેક મૂળ વગેરેને પ્રસવ બાદ હટાવી લેવા નહીં તો સ્ત્રીને હાનિ પહોંચે છે.
- નાડાછડીને ગર્ભવતી સ્ત્રીની કમરનું ત્રણ ઘણું માપ લઈ પાણીયારે તેલ ઘીના દિવાસેક નારાછડીનો કરીને પિતૃઓની કૃપાથી કમરે બાંધવાથી સફળતા સારી મળશે.

**- ઉપમન્યુ પંડ્યા** (મો.-૯૪૦૯૪૦૯૪૪૪)

## કાણીયોલ, હિંમતનગર ભટ્ટ મેવાડા સમાજનું ગૌરવ

કાણીપોલ તા. હિંમતનગરના વતની સ્વ. દેવશંકર રત્નેશ્વર જોષીના પુત્રની પૌત્રી ચિ. હિમાક્ષી શૈલેષકુમાર જોષી કપડવંજ શારદા મંદિર સ્કૂલમાંથી યોજાયેલ વોલીબોલ સ્પર્ધામાં સચ્ચિદાનંદ ગુરૂકુળ વળાવળ તા. સિહોર જિ. ભાવનગર મુકામે ભાગ લીધેલ તેમાં રાજયકક્ષાએ પ્રમાણપત્ર મેળવી સ્કૂલ અને ભટ્ટમેવાડા સમાજનું  નામ રોશન કરેલ છે. સમાજની છોકરીઓ ઉત્તરોત્તર રમતમાં ભાગ લે તેવી ઈચ્છા રાખીએ છીએ.

# લખી રાખો, આરસની તકતી પર (૩)

(૫)
દર્શન,
તું એમ ન માની બેસતો કે જ્યાં લોહીના સંબંધ ઊભા થાય છે
ત્યાં લાગણી હોય જ છે.
ના, તેં એવી સાપણની વાતો સાંભળી જ હશે કે જે
પોતાનાં બચ્ચાંને જન્મ આપીને તરત મારી નાંખે છે.
તેં એવી કૂતરીની વાતો સાંભળી જ હશે કે જે
પોતાનાં જ ગલૂડિયાંને જન્મ આપીને તરત ખતમ કરી નાંખે છે.
તેં એવી ઘાતકી અને વિલાસિની માતોની વાત સાંભળી જ હશે
જે પોતાના વિલાસને અને મોજશોખને સલામત રાખવા
પોતાના પેટમાં રહેલાં બાળકોને ધરતી પર અવતરવા દેતાં પહેલાં
જ પરલોકમાં રવાના કરી દે છે.
તેં એવી ક્રૂર માતાઓની વાતો પણ સાંભળી હશે કે
જે બાળકને જન્મ આપીને તરત જ
ઉકરડા પાસે રહેલી કચરાપેટીમાં નાંખીને રવાના થઈ જાય છે.
ટૂંકમાં,
આ બધાં દ્રષ્ટાન્તો એક જ વાત કરે છે કે
જ્યાં લોહીના સંબંધો હોય છે
ત્યાં લાગણી હોય જ છે એવું નથી


With Best Compliments From

**Ritesh Mehta** (M.Com.) **(M) 98240 49997**
**Ph. : 241 7379**

**Chandan Distributors**

***Surgical Products and Rehabilitation Aid Vissco, Flamingo, Accuchek, Diamond, Omron Hicks***

Vadi Wadi, Behind Shiyapura Police Chowkey,
Near Tower Raopura, Vadodara - 390 001.
E-mail : chandsurgi@yahoo.com

**Ramesh Mehta** **(M) 98240 14997**

**Mehta Associats**

***LAND DEVELOPERS & PROJECT CONSULTANT***

B/h. Shiyapura Police Chowkey,
Vadi Wadi, Raopura Tower,
Vadodara - 390 001.
Tele No. (0265) 2413157 Fax : (0265) 2417379
E-mail : mehtaprocon@yahoo.co.in


તું જન્મ પામ્યા પછી જીવન ટકાવી શક્યો છે એનો યશ
જાય છે તારાં મમ્મી-પપ્પાની લાગણીને ફાળે.
એ તારા પ્રત્યે લાગણીશીલ બની રહ્યાં
તો તું જીવન ટકાવી શક્યો, અન્યથા તારૂં જીવન ટકવાનું
મુશ્કેલ બની જાત.
હજી એક બીજી વાત.
તારા જીવનમાં આજે એવાં કોઈ ગલત વ્યસનો નથી કે
ગલત દૂષણો નથી,
એનો યશ પણ જાય છે મમ્મી-પપ્પાની કાળજી અને જાગૃતિને
ફાળે.
અણસમજની નિર્દોષ વયમાં તારૂં જીવન કુસંસ્કારોથી ખરડાઈ
ન જાય એ માટે
તારાં મમ્મી-પપ્પાએ તને ગલત મિત્રોથી દૂર રાખ્યો છે.
તને વ્યસનોથી દૂર રાખવા
એવાં સ્થાનોમાં એમણે તને જવા જ નથી દીધા.
નથી તને એમણે ગાળો બોલવા દીધી,
કે નથી તને એમણે ચોરી કરવા દીધી.
કિશોરવયમાં તારી પવિત્રતા ખરડાઈ ન જાય
એ માટે એમણે તને નથી ગંદા સ્થાનોમાં જવા દીધો
કે નથી એમણે તને ગંદા પિક્ચરો જોવા દીધા.
હા, અણસમજની વયમાં પણ તારાં મમ્મી-પપ્પા
તને દેરાસર લઈ ગયા છે,
પરમાત્માનાં દર્શન તને કરાવ્યાં છે,
ગુરુભગવંતના આશીર્વાદ તને અપાવ્યા છે
પવિત્ર પુરુષોના જીવનનાં વર્ણન તને સંભળાવ્યાં છે,
તીર્થયાત્રાઓ કરાવી છે,
પાઠશાળાઓમાં તને દાખલ કર્યો છે,
ભંડારમાં તારે હાથે પૈસા નખાવ્યા છે.
ટૂંકમાં, એક પણ કુસંસ્કાર તને સ્પર્શી ન જાય
અને સુસંસ્કારોના ઢેરના ઢેર તને વારસામાં મળી જાય
એ માટે મમ્મી-પપ્પાએ પોતાનાથી થાય એટલા તમામ પ્રયત્નો
કર્યા છે. જન્મ પછી
તારૂં જીવન ટકી ગયું છે એમાં જો મમ્મી-પપ્પાની તારા પ્રત્યેની
લાગણી કામ કરી ગઈ છે તો
આ જીવનમાં તું શેતાન, લબાડ કે ગુંડો ન બનતાં
સદાચારી અને સજ્જન બન્યો રહ્યો છે એમાં મમ્મી-પપ્પાની
તારા પ્રત્યેની કાળજી કામ કરી ગઈ છે.
એટલું જ પૂછું છું તને કે
છે તારી પાસે આ સ્પષ્ટ, સ્વચ્છ અને સત્ય દર્શન ?
છે તારી પાસે આ સમ્યક્ દર્શન કરી શકે તેવી નિર્મળ દ્રષ્ટિ ?

(૬)
તને કદાચ એમ લાગતું હશે કે
‘મારા એક જ પત્રના પ્રત્યુત્તરરૂપે મહારાજ સાહેબે
ચાર ચાર પત્રો લખી દીધા.
નથી મને આ અંગે રૂબરૂ બોલાવતા કે
નથી મારા બીજા પત્રની રાહ જોતા !
કમસે કમ મારી પરિસ્થિતિ એમણે વ્યવસ્થિત જાણવી તો જોઈએ ને ?
મનેય બોલવાની તક આપવી તો જોઈએ ને ?
આ તો જાણે કે મમ્મી-પપ્પા સર્વથા નિર્દોષ જ છે
અને હું એકલો જ ગુનેગાર છું એમ સમજીને જ મહારાજ સાહેબ મને સતત આપે જાય છે.
આ ઠીક નથી થતું.’
બની શકે કે તારા મનમાં આવી ગડમથલ ચાલતી હો
પણ હું તને ખાતરી સાથે કહું છું કે
તારી બધી જ વાતો સાંભળીશ.
તારી વેદના અને વ્યથા અચૂક જાણીશ.
તારા ઉકળાટને અને આવેશને સમજવા ચોક્કસ પ્રયત્ન કરીશ.
તારી આંખના આંસુ પાછળ ધરબાયેલા આક્રોશની
અચૂક કદર કરીશ;
પણ
એ પહેલાં મારે તને જે અતિ મહત્ત્વની વાતો કરવી છે
એ પત્રવ્યવહારના માધ્યમે તારી સામે રજૂ કરી જ દેવી છે.
શક્ય છે કે
એ વાતો પર ગંભીરતાથી વિચારણા કરવા માત્રથી
તારા મનનો આક્રોશ શાંત થઈ જાય,
તારી વ્યથામાં કડાકો બોલી જાય,
તારી ગેરસમજ દૂર થઈ જાય,
તારો મમ્મી-પપ્પા પ્રત્યેનો દુર્ભાવ રવાના થઈ જાય,
ભારેખમ બની ગયેલું તારૂં અંતઃકરણ હળવું ફૂલ થઈ જાય,
મમ્મી-પપ્પાથી અલગ થઈ જવાના તારા મનમાં જાગેલા
વિચારથી પાછા ફરવાનું તને મન થઈ જાય.
તો હા,
મારી વાત એ હતી કે
તારાં મમ્મી-પપ્પા તારે માટે
જન્મદાતા બન્યાં છે,
જીવનદાતા બન્યાં છે તો
સાથે સંસ્કારદાતા પણ બન્યાં છે.
આ હકીકતને તું અત્યારે સ્મૃતિપથમાં લાવી દે.
જન્મ આપવાની બાબતમાં મમ્મીએ ઉપેક્ષા સેવી હોત તો
તું પેટમાંથી પરલોકમાં રવાના થઈ ગયો હોત.
જીવન સુરક્ષિત રાખવાની બાબતમાં મમ્મી-પપ્પાએ બેદરકારી
દાખવી હોત તો તારો જીવનદીપક અકાળે બુઝાઈ ગયો હતો
અને સુસંસ્કારોનું આધાન કરવાની બાબતમાં મમ્મી-પપ્પાએ
આંખ આડા કાન કર્યા હોત તો
તું આજે થોડોઘણો પણ સજ્જન કે સદાચારી
રહી શક્યો છે એ રહી શક્યો ન હોત !
હું તને જ પૂછું છું - ભૂતકાળના
મમ્મી-પપ્પાના તારા પરના ઉપકાર ચડે કે
વર્તમાનકાળનો મમ્મી-પપ્પાનો બગડી ગયેલો સ્વભાવ ચડે ?
બુદ્ધિના અભાવવાળી તારી લાચાર અવસ્થામાં મમ્મી-પપ્પાએ
તારી કરેલી માવજત ચડે કે
બુદ્ધિની અલ્પતાવાળી મમ્મી-પપ્પાની અશક્ત અવસ્થામાં તારા દ્વારા એમની થઈ રહેલી અવગણના ચડે ?
દર્શન, કો’ક શાયરની પંક્તિઓ લખીને અત્યારે તો પત્ર પૂરો કરૂં છું.
આટલું અંતર ન હો સહવાસમાં;
ક્યાંય ખૂટે છે કશુંક વિશ્વાસમાં.
વિચારીને જવાબ લખજે.


Bharat Joshi — Mob. 99250 47530
Bhumesh Joshi — Mob. 97129 51963
Ph. : 2764-234114



**BALRAM**
**SALES CORPORATION**

Authorised Dealers :

**LPS & UNBRAKO MAKE HIGH TENSILE INDUSTRIAL FASTNERS, M.S., S.S. AND ALL TYPE OF NUTS & BOLTS**

**7, Sagar Com. Complex,
Below Bank of Baroda,
CHHATRAL.
Gujarat. Pin : 382729
E-mail : balramsales@gmail.com**


## ભટ્ટ મેવાડા સમાજનું ગૌરવ

ગાંધીનગર સમાજના મંથન કેતનકુમાર ગોરે વિવિધ રાજ્ય કક્ષાની તેમજ જીલ્લા કક્ષાની તરણ સ્પર્ધામાં પ્રથમ સ્થાન મેળવી ઉત્કૃષ્ટ દેખાવ કરીને સમાજનું ગૌરવ વધારેલ છે. ચિ. મંથન હજુ પણ આ ક્ષેત્રે પ્રગતિ કરે તેવી ભટ્ટ મેવાડા સમાજની શુભેચ્છા.

# कुर्यात सदा मंगलम्

## કન્યા જોઈએ છે

| | | | |
|---|---|---|---|
| નામ | : મનીષ દવે | ચંદ્રેશ પુરોહિત | દિક્ષીત શ્રીધર અશ્વિનકુમાર |
| જન્મ તારીખ | : ૧૨/૦૫/૧૯૮૧ બપોરે ૨.૧૫ સુરત | ૨૩/૦૫/૧૯૮૭, સવારે ૫.૧૫ | ૧૫/૬/૧૯૮૭, સવારે ૬.૪૫, ઓઢા |
| અભ્યાસ | : એમ.બી.એ. | બી.એચ.એમ.એસ. | - |
| વ્યવસાય | : નોકરી | ડૉક્ટર, જનરલ પ્રેક્ટીશ | નોકરી |
| માસિક આવક | : ૨૮,૦૦૦ રૂા. | - | ૧૫,૦૦૦ રૂા. |
| ઊંચાઈ | : ૫' ૫'' | ૫' ૮'' | - |
| ગોત્ર | : કાત્યાયની | પારાશર | ગર્ગ |
| વતન | : સબલપુરા | રણાસણ | રાયગઢ |
| રહેઠાણ | : અમદાવાદ | સલેમકોટ, બનાસકાંઠા | હિંમતનગર |
| સંપર્ક | : નરેન્દ્રભાઈ દવે (ખાંડવાલા) | ડૉ. વિજયકુમાર પુરોહિત | દિક્ષીત અશ્વિનકુમાર |
| | મો.૯૮૨૫૨૮૦૬૪૪, ૨૫૭૩૨૭૦૮ | ૯૮૨૫૬ ૫૧૪૪૮ | ૦૨૭૭૨-૨૪૦૪૮૭, ૯૪૨૭૦૭૩૮૫૭ |

| | | | |
|---|---|---|---|
| નામ | : કેતુલ પ્રફુલભાઈ જોશી | ચયન જોશી | નિશીત દિનેશચંદ્ર જોશી |
| જન્મ તારીખ | : ૧૬/૮/૮૨ | ૨૯/૦૫/૭૪ | ૨૩-૧૧-૮૪, અમદાવાદ, ૨૨.૫૮ ક્લાકે |
| અભ્યાસ | : - | ધોરણ-૧૨ પાસ | બી.કોમ., એમબીએ (આઈ.ટી.) |
| વ્યવસાય | : નોકરી (ઓઆરજી મલ્ટીનેશનલ) | એસ્ટેટ બ્રોકર, ફોટોગ્રાફી | નોકરી |
| માસિક આવક | : ૧૧,૦૦૦ રૂા. | - | - |
| ઊંચાઈ | : | ૫' ૪'' | ૫' ૭'' |
| ગોત્ર | : વચ્છસ | ગૌતમ | વચ્છસ |
| વતન | : પ્રાંતિજ | ઉદેપુર, રાજસ્થાન | વ્યાસવાસણા |
| રહેઠાણ | : બોદરા | રાજસ્થાન | અમદાવાદ |
| સંપર્ક | : ગીતાબેન જોશી | મહેશભાઈ જોશી | દિનેશચંદ્ર જોશી |
| | ૦૨૬૫-૨૧૦૧૮૩૪, ૯૯૦૪૦૭૬૧૩૭ | ૦૯૪૬૦૯૦૬૬૪૩, ૦૨૯૪-૨૪૯૪૨૦ | ૨૬૮૧૧૫૩૬ |


**Total Power Solution Under one Roof**
**COMPANY BRANCH OFFICE AT GHATLODIA**

EXIDE INDUSTRIAL · SF SONIC · Base Terminal · PRESTOLITE

Dealers are Wel-Comed

* **Car Batteries :** Maruti, Hyundai, Tata, Skoda, Toyota
* **Two Wheeler :** Honda, Bajaj, TVS, Yamaha, LML
* **SMF BATTERIES FOR** UPS, INVERTER & HOME UPS

**SALES & SERVICES**

* On-line UPS (600 VA to 60 KVA)
* Inverter for Residential, Industrial & Hospital Application
* Stabilizer for Industrial & Residential (Home System, A.C., T.V., Freez)

CHIRAG PANDYA MOB. 95379 77122 KALPESH RAMESHCHANDRA JOSHI MOB. 95379 77203

**SHREE POWER PRODUCTS**

LL-12, Manthan Society, Opp. Modi Petrol Pump, Satadhar Char Rasta, Ghatlodia, Ahmedabad-61. E-mail : shreekrj@vsnl.com • shreekrj@rediffmail.com

☞ **Required : Sales & Service Engineers**
☞ **જ્ઞાતિબંધુઓ માટે વિશેષ ઓફર...**

# कुर्यात सदा मंगलम्

## વર જોઈએ છે

| | | | |
|---|---|---|---|
| નામ | : દર્શિતા દિનેશચંદ્ર જોશી | રચના જોષી | પલક વ્યાસ |
| જન્મ તારીખ | : ૨૧-૪-૮૨, (૭.૩૧ સવારે) | ૨-૭-૯૦ (૭.૩૧ ક્લાકે સવારે, કપડવંજ, નક્ષત્ર-સ્વાતી, નાડી-અંત્યા) | ૦૯-૦૩-૧૯૮૫ સવારે ૭.૪૦ અમદાવાદ |
| અભ્યાસ | : બી.બી.એ. | બી.એ. | ધોરણ-૧૨ કોમર્સ, પીજીડીસીએ |
| વ્યવસાય | : નોકરી | - | - |
| માસિક આવક | : - | - | - |
| ઊંચાઈ | : ૫' ૩'' | ૫' ૨'' | ૫' ૩'' |
| ગોત્ર | : વચ્છસ | વચ્છસ | ગર્ગ |
| વતન | : વ્યાસવાસણા | વ્યાસવાસણા | બાકરોલ (મોડાસા) |
| રહેઠાણ | : અમદાવાદ | અમદાવાદ | અમદાવાદ |
| સંપર્ક | : દિનેશચંદ્ર જોશી | પ્રકાશભાઈ જોશી | સુભાષભાઈ વ્યાસ |
| | ૨૬૮૧૧૫૩૬ | ૯૪૨૬૦૪૧૩૧૬, ૨૬૯૩૨૦૫૫ | ૨૬૬૦૧૮૭૦, ૯૯૦૯૨ ૬૫૫૮૬ |

## ગાંધીનગર ખાતે સમૂહયજ્ઞોપવિતનું આયોજન

ગાંધીનગર સમાજના ઉપક્રમે આગામી ફેબ્રુઆરી માસમાં સમૂહ યજ્ઞોપવિતનું આયોજન કરવામાં આવનાર છે. આ યજ્ઞોપવિતમાં જોડાવા માંગતા જ્ઞાતિજનોએ શ્રી વ્યોમેશભાઈ દિક્ષીત (મો. ૯૯૨૪૬ ૭૮૨૬૮), શ્રી પ્રકાશકુમાર ભટ્ટ (ફોન-૨૩૨૩૦૮૨૨), શ્રી અમૃતભાઈ ઉપાધ્યાય (ફોન-૨૩૨૪૩૧૦૧), શ્રી હિમાંશુભાઈ દિક્ષીત (ફોન-૨૩૨૨૨૪૪૯, શ્રી યોગેશભાઈ પેશ્વા (મો. ૯૪૨૬૫૬૯૨૭૬)નો સંપર્ક કરવો.


LIC
भारतीय जीवन बीमा निगम
LIFE INSURANCE CORPORATION OF INDIA

*With Best Compliments From*

**Sonu N. Bhatt**

**(AGENT)**

**NSC, KVP, MIS, R.D.,**
**SMALL SAVINGS SCHEME,**
**LIC, UTI, PPF, COS. DEPOSITS,**
**SRGE, ICICI MUTUTAL FUND,**
**RBI RELIEF BONDS.**

**: RESIDENCE :**

PLOT NO. 152/2, ANAND VATIKA SOCIETY,
SECTOR-22, GANDHINAGAR-382022.
**PH. : 079-23227798, (M) 98980 27798**


## ગાંધીનગર ખાતે પવિત્ર પુરુષોત્તમ માસ નિમિત્તે શ્રી વિષ્ણુયાગ યજ્ઞ યોજાશે

ગાંધીનગર સમાજના સ્નેહ સંમેલનમાં આ વર્ષે પવિત્ર અધિક માસ આવે છે તેથી ભગવાન વિષ્ણુની ઉપાસના કરીને તેમની કૃપા મેળવવા ખાસ કાર્યક્રમો રાખવા સૂચન કરવામાં આવ્યું હતું. જેનો સૌએ સહર્ષ આવકારીને વિવિધિ કાર્યક્રમો નક્કી કરવામાં આવ્યા છે.

જે મુજબ દર સોમવારે શ્રી વિષ્ણુ સહસ્ત્ર નામના પાઠ તથા વિષ્ણુયાગ કરવાનો નિર્ણય લીધેલ છે. જ્ઞાતિજનો તેમાં ભાગ લઈ શકે તેવું આયોજન કરવામાં આવનાર છે જેની વિગતો પછીથી આપવામાં આવશે.

## રાજ્યની ૧૨૦૦ કોમ્પ્યુટરાઈઝ્ડ પોસ્ટ ઓફિસો દ્વારા ઓનલાઈન ફોર્મ મોકલવાની સુવિધા ઉપલબ્ધ

હાલમાં પોલીસ કોન્સ્ટેબલ/પોલીસ સબ ઈન્સપેક્ટર, મ્યુનિસિપલ એકાઉન્ટન્ટ, એન્જીનીયર્સ, કારકુન અને ટાઈપીસ્ટની નિમણુંક અંગેની જાહેરાત ગુજરાત સરકારના વિવિધ વિભાગો તરફથી બહાર પાડવામાં આવેલ છે. આ નિમણુંક માટેના અરજીપત્રકો રાજ્યની ૧૨૦૦ કોમ્પ્યુટરાઈઝ્ડ પોસ્ટ ઓફિસો દ્વારા ઓનલાઈન મોકલવાની સુવિધા ઉપલબ્ધ કરવામાં આવેલ છે. સદર નિમણુંક માટેની નિયત અરજી ફી કોમ્પ્યુટરાઈઝ્ડ પોસ્ટ ઓફિસોમાં સ્વીકારવામાં આવે છે.

આથી ઉમેદવારોને જણાવવાનું કે તેમની અરજી ફી પોસ્ટ ઓફિસમાં જમા કરાવ્યા બાદ તેમના મોબાઈલ ફોન ઉપર તેનો કન્ફર્મેશન SMS ન આવે તો જે તે પોસ્ટ ઓફિસનો સંપર્ક કરવો.

# શ્રી ભટ્ટ મેવાડા બ્રહ્મ સમાજ, ગાંધીનગરનું સ્નેહમિલન યોજાયું

શ્રી ભટ્ટ મેવાડા બ્રહ્મ સમાજ, ગાંધીનગરનું સ્નેહમિલન તા. ૧૦-૧૧-૨૦૧૧ને દેવદિવાળીના રોજ શ્રી વિજયકુમાર એચ. ભટ્ટના પ્રમુખ પદે યોજાઈ ગયું.

સમાજના ઉપપ્રમુખ શ્રી વ્યોમેશભાઈએ સૌને આવકારી સ્વાગત પ્રવચન કર્યું હતું.

સમાજના મંત્રી શ્રી પ્રકાશભાઈ ભટ્ટે સમાજે ગત વર્ષે કરેલ વિવિધ પ્રવૃત્તિઓની વિગતો આપી હતી જે મુજબ ગત વર્ષ બાદ સૌના સાથ સહકારથી યોજાયેલ ષષ્ઠમ સંમેલન એ તે બાદ કાર્યાન્વિત થયેલ વિવિધ યોજનાઓ, જીપીએસસીની સ્પર્ધાત્મક પરીક્ષાઓ, માર્ગદર્શન સેમિનાર, એકલિંગજી દાદાનો ભંડારો, શ્રાવણ માસનો પ્રવાસ અને માસ દરમ્યાનના પાઠ, શરદપૂર્ણિનાની ઉજવણીની વગેરે વિગતો આપી હતી.

સમાજના પ્રમુખ શ્રી રમેશભાઈ જોશીએ સમાજ દ્વારા યોજવામાં આવતા કાર્યક્રમોની જાહેર કરવામાં આવતી યોજનાઓનો વિધેયાત્મક પ્રતિભાવ આપવા અપીલ કરી હતી. સૌના સાથ સહકારથી સમાજના મુખપત્ર ભટ્ટ મેવાડા વર્તમાન સરસ રીતે ચાલી રહ્યું છે અને ત્રીજા વર્ષમાં પ્રવેશ્યું છે તે માટે આનંદ વ્યક્ત કર્યો હતો.

સમારંભના પ્રમુખ શ્રી વિજયભાઈએ સમાજ વતી ચાલી રહેલી પ્રવૃત્તિઓ અને ખાસ કરીને ગાંધીનગર સમાજે આગેવાની લઈ સમાજના ઉત્કર્ષ માટે જે કામ ઉપાડ્યું છે તેને બિરદાવ્યું હતું અને આ કામમાં સાથ-સહકાર કાયમ મળતો રહે તેમ જણાવ્યું હતું.

કાર્યક્રમમાં તેજસ્વી વિદ્યાર્થીઓને ઈનામોનું વિતરણ કરવામાં આવેલ હતું.

સમગ્ર કાર્યક્રમનું સુંદર સંચાલન શ્રી હિમાંશુભાઈ દિક્ષીતે કર્યું હતું. સંમેલનના સમગ્ર કાર્યક્રમને સફળ બનાવવા શ્રી અશોકભાઈ મહેતા, શ્રી ભૂપેન્દ્રભાઈ દિક્ષીત, શ્રી જીતુભાઈ પુરોહિત, શ્રી યોગેશભાઈ પેશ્વા, શ્રી પરેશભાઈ, શ્રી પ્રકાશભાઈ જોશી, શ્રી યોગેશભાઈ ભટ્ટ, શ્રી રાકેશભાઈ ભટ્ટ, શ્રી ભરતભાઈ પંડ્યા, શ્રી અમૃતભાઈ ઉપાધ્યાય તથા યુવાકાર્યકર શ્રી તિર્થેશ ઉપાધ્યાયે આપેલ હતો. સમાજના ખજાનચી શ્રી પંકજભાઈ ગોરે હિસાબો રજૂ કર્યા હતા જેને સર્વાનુમતે બહાલી આપવામાં આવી હતી. કાર્યક્રમના અંતે સૌ ભોજન લઈ છૂટા પડ્યા હતા.

# પવિત્ર અધિક માસ પુરુષોત્તમ માસ દરમ્યાન વિશેષ આરાધના

પવિત્ર અધિકમાસ પુરુષોત્તમ માસ દરમ્યાન શ્રી વિષ્ણુ સહસ્ત્ર નામના પાઠ દર સોમવારે યોજવામાં આવનાર છે જેની વિગતો નીચે મુજબ છે. શ્રી વિષ્ણુયાગ યજ્ઞની તારીખ પછી જાહેર કરવામાં આવશે.

ગાંધીનગર અધિક ભાદરવાના સોમવારના પાઠ

| | | | | | |
|---|---|---|---|---|---|
| સુદ ત્રીજ | ૨૦/૦૮/૧૨ | સોમવાર | પરેશભાઈ જોષી | ૫૭૨/૧, સે-૬/બી | ૨૩૨૩૬૭૦૪ |
| સુદ અગિયારશ | ૨૭/૦૮/૧૨ | સોમવાર | ધર્મેન્દ્રભાઈ જોષી | આઈ-૧૦, ગ્રીન સીટી ફ્લેટસ્, વાવોલ | ૯૮૭૯૫૭૬૦૪૫ |
| વદ ત્રીજ | ૦૩/૦૯/૧૨ | સોમવાર | નલિનભાઈ ભટ્ટ | ૧૬૯, આનંદનગર, સે-૨૭ | ૨૩૨૪૭૦૧૦ |

# ગાંધીનગર ખાતે અમાસના દિવસે પાઠનું આયોજન

ગાંધીનગર ખાતે અમાસના દિવસે પાઠનું આયોજન કરવામાં આવે છે જે મુજબ ચાલુ વર્ષે નીચેના જ્ઞાતિજનોને ત્યાં પાઠ યોજાશે. કારતક માસનો અમાસનો પાઠ શ્રી વિજયભાઈ ભટ્ટના ત્યાં યોજાઈ ગયો. અન્ય માસની વિગત નીચે મુજબ છે.

| માસ | તારીખ | વાર | નામ | સરનામુ | ટેલિફોન |
|---|---|---|---|---|---|
| માગસર | ૨૪/૧૨/૧૧ | શનિવાર | ભરતભાઈ પંડ્યા | ૧૪૦ રાજલક્ષ્મી એપા.,સે-૨૮ | ૨૩૨૧૨૩૧૬ |
| પોષ | ૨૩/૦૧/૧૨ | સોમવાર | નલિનભાઈ ભટ્ટ | ૧૬૯, સે-૨૮ | ૨૩૨૧૦૩૩૪ |
| મહા શિવરાત્રી | ૨૦/૦૨/૧૨ | સોમવાર | રમેશભાઈ જોષી | ૧૩૧૬ એ/૨, સે-૭/ડી | ૨૩૨૩૦૬૩૨ |
| ફાગણ | ૨૨/૦૩/૧૨ | ગુરૂવાર | ચેતનભાઈ ભટ્ટ | ૧૦૩૫/૧. સે-૩/ડી | ૨૩૨૩૪૦૧૦ |
| ચૈત્ર | ૨૧/૦૪/૧૨ | શનિવાર | નિરવભાઈ ભટ્ટ | ૪/૨, ચ-ટાઈપ, સે-૨૨ | ૨૩૨૩૯૭૭૩ |
| વૈશાખ | ૨૦/૦૫/૧૨ | રવિવાર | પ્રકાશભાઈ ભટ્ટ | એફ, પ્લોટ-૩૮૩, પ્રયોગ એપા.સે-૨૨ | ૨૩૨૩૦૮૨૨ |
| જેઠ | ૧૯/૦૬/૧૨ | મંગળવાર | રમેશભાઈ ગોર | ૧૨૫/૨, સે-૬બી | ૨૩૨૪૮૪૩૩ |
| અષાઢ | ૧૯/૦૭/૧૨ | ગુરૂવાર | અમૃતભાઈ ઉપાધ્યાય | બ્લોક ૪૧/૨, સે-૨૯ | ૨૩૨૪૩૧૦૧ |
| શ્રાવણ | ૧૭/૦૮/૧૨ | શુક્રવાર | બિપીનભાઈ દિક્ષીત | ૬૬૨/૧, સે-૨૩ | ૨૩૨૨૨૪૪૯ |
| અધિક ભાદરવો | ૧૬/૦૯/૧૨ | રવિવાર | વ્યોમેશભાઈ દિક્ષીત | ૧૩૦૩/૧, સે-૫/એ | ૯૯૨૪૬૭૮૨૬૮ |
| ભાદરવો | ૧૫/૧૦/૧૨ | સોમવાર | બિપીનભાઈ જોષી | ૫૧૭/૧, સે-૨૧ | ૨૩૨૨૪૬૧૪ |
| આસો | દિવાળી | પોતાને ઘેર | | | |

Owner : Shree Bhatt Mewada Brahma Samaj, Printer, Publisher, Editor : Bipinchandra C. Joshi, Printed : Dharti Offset Printers, Plot No. 405, G.I.D.C., Sector-28, Gandhinagar-382028. Published : 1316/A-2, Sector-7/D, Gandhiangar. (GUJARAT)-382007